સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

શૈક્ષણિક સંસ્થાઓ જ 'મર્યાદા'નો ભંગ કરે છે!
ધાર્મિક કટ્ટરતા જ સમાજને તંગ કરે છે!
દંગ કરે છે સાંપ્રદાયિક કઠોર કાયદાઓ -
ખરડાયા છે અંદરથી 'શુદ્ધિ'નો ઢોંગ કરે છે!!
(કન્યાઓનાં વસ્ત્રો કઢાવ્યા!!)

હાઈકુ

શોધે સુપ્રીમ -
મુક્ત લોકશાહીમાં
કાયદો છે ક્યાં ?

લ્યો ! ન્યાય પણ -
અનુભવે મૂંઝારો -
'અમલ' સામે

ચિંતન

અલ્યાવશ્ય, મનાવશ્યં, કમાત્ કાર્ય સમાચરેત્ ।
પાકપશ્ચાદ્ દ્રાગ્વિલંબેન પ્રાસં કાર્ય તુ બુદ્ધિ માન ॥

ઉપરોક્ત શ્લોક સમયસૂત્રમાંથી લેવામાં આવેલ ચે.

વ્યક્તિએ પોતાનાં દૈનિક કાર્યો અને પ્રવૃત્તિઓનું વ્યવસ્થિત, સમયબદ્ધ આયોજન કરવું જોઈએ એ બાબત વ્યવહારું જ્ઞાન સાથે સમજ આપવામાં આવી છે.

બુદ્ધિશાળી માણસ, જયારે કોઈ પદ સત્તા પર હોય અને અનેક કામ કરવાની તેના પર જવાબદારી હોય ત્યારે, આવશ્યક અને અનાવશ્યક, અત્યંત જરૂરી અને ઓછા જરૂરી કાર્યોનું પ્રથમ આયોજન કરી ખરેખર આવશ્યક કાર્યોને વધારે મહત્ત્વ આપી પ્રથમ તે નિપટાવવાં જોઈએ, અને ઓછાં મહત્ત્વના કાર્યોને બીજે ક્રમ આપવો જોઈએ.

સમય પાલન અને સમયના આયોજનમાં કોઈની પણ આંખની શરમ ન રાખવી. જીવનમાં પોતાનાં રોજિંદા દૈનિક કાર્યોમાં નિયમિતતાનું ચોક્કસપણે આયોજન અને અમલીકરણને ટેવ ફરજ દૈનિક પૂજાની જેમ કરવું.

સુવિચાર

- બૈઠા હું અગર મયખાને મેં તો મુઝ કો શરાબી ના સમજો,
  હર શખ્સ જો મસ્દિદ ને નિકલા હૈ, નમાઝી નહીં હોતા - **ઓશો**
- 'સુવિચારો' મહત્ત્વના નથી, 'શું' વિચારો છો તે મહત્ત્વનું છે - **જન્મભૂમિ**
- સ્મતિ કરતો ચહેરો તમારી શાન વધારે છે
  પરંતુ સ્મિત સાથે કરેલું કાર્ય તમારી ઓળખ વધારે છે - **ભાલચંદ્ર મહેતા**
- અનુમાન આપણા મનની કલ્પના છે અને અનુભવ આપણા જીવનનો અમૂલ્ય પાઠ છે - **ભિખુદાન ગઢવી**
- વહેણ બદલતી નદી અને વર્તન બદલતી વ્યક્તિ હંમેશા વિપત્તિ લાવે છે - **જીવન પાથેય**
- મોટા ભાગે મોંઘા બુટ એ વ્યક્તિ જ ખરીદતો હોય છે કે
  જેના ભાગે ચાલવાનું સૌથી ઓછું આવતું હોય - **ડો. મફતલાલ પટેલ**
- આજનું ઔષધ : અંકુરિત મેથીના દસ દાણા સવાર-સાંજ ખાવાથી બહેનોને માસિક ધર્મ ચક્ર નિયમિત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

તક્ષશિલા વિશ્વવિદ્યાલયના વૈદ્યકીય શાળાના આચાર્ય અત્રેય હતા. તેમના મતે વૈદ્યકીય જ્ઞાન માનવસેવાનું સર્વોત્તમ માધ્યમ હતું. અને તેઓ શિષ્યોની આકરી પરીક્ષા કરીને પાસ કરતાં અને પ્રમાણપત્ર આપતા. એમના શિષ્યમાં એક જીવન નામનો છાત્ર હતો તે કુશળ વૈદ્ય બનવાની કોશિશ કરી રહ્યો હતો. તે પણ આચાર્ય પાસેથી ઘણું આયુર્વેદ અને વનસ્પતિનું જ્ઞાન મેળવી રહ્યો હતો. સાત વર્ષ બાદ આચાર્ય અત્રેયે જીવનની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેમણે કહ્યું, 'મારે એક એવો છોડ જોઈએ છે જેનો ઉપયોગ સારવારમાં ન થતો હોય.' જીવક છે એક મહીના સુધીનાં જંગલમાં ફર્યો. અને એવો છોડ શોધતો. તેનાથી રસાયણ બનાવતો. કોઈ દર્દી પર તેનો પ્રયોગ કરતો. છ મહિનાની આકરી મહેનત બાદ પણ તેને એક પણ છોડ એવો ન મળ્યો કે જેનો ઉપયોગ રસાયણ બનાવવા કે કોઈને પણ કોઈ રોગને શમાવવામાં તેનો ઉપયોગ ન થતો હોય.' અંતમાં નિરાશ થઈને તે આચાર્ય અત્રેય પાસે પોતાની અસફળતા પહોંચ્યો અને બોલ્યો, 'ગુરુજી, મને ક્ષમા કરો કારણ કે હું તમારી પરિક્ષામાં સફળ થઈ શક્યો નથી.' આચાર્ય અત્રેયે કહ્યું, 'ભાઈ તું પરીક્ષામાં પાસ થયો છું. તારા જ્ઞાનનો ઉપયોગ લોકોની પીડા દૂર કરવામાં કરજે. આજ જીવન મોટો થઈ ભગવાન બુદ્ધનો વૈદ્ય બન્યો અને તેણે કયારેય કોઈ બિમારને નિરાશ ન કર્યો.'

કેજરીવાલ દિલ્હીનું જ નહીં, દેશનું ભવિષ્ય છે

તંત્રીસ્થાનેથી...

અરવિંદ કેજરીવાલ પ્રોફેશનલ સ્નાતક છે; સરકારની વહીવટી સેવાઓમાં ઈમાનદાર બ્યુરોક્રેટ તરીકે રહી ચૂકેલા છે અને અણ્ણા હજારે જેવા લોકનેતાના હાથ નીચે તાલીમ પામેલા છે. છેલ્લા ત્રણ ત્રણ ટર્મ્સથી દિલ્હીની પ્રજાએ આમ આદમીના પ્રતીક પુરુષ તરીકે ધુરંધર રાષ્ટ્રીય પાર્ટીઓ સામે એમને અને એમના ઉમેદવારોને જિતાડી વિક્રમ સર્જ્યો છે. પ્રજા કેવો નેતા અને કેવું શાસન ઈચ્છે છે એનું આ ઝળહળતું ઉદાહરણ છે. કેજરીવાલ એમના રાજકારણના ખટમધુરા અનુભવોથી ખાસ્સા ઘડાયા છે. જયાં ભૂલ થતી લાગી ત્યાં એનો સ્વીકાર કરતાં એ ખમચાયા નથી. એમના જ માણસો ભ્રષ્ટાચાર કે દુરાચારમાં ઝડપાયા હોય ત્યારે એમને કઠોરતાપૂર્વક દૂર કરતાં એમણે વાર નથી લગાડી. ચૂંટણી જીતવી એ જ એમનો એકમેવ ઉદ્દેશ હોય તો એમને પણ અબજોપતિ ઉદ્યોગપતિઓ હાથવગા તો હતા, પરંતુ પોતે દિલ્હીના 'આમ આદમી' તરીકે તેઓએ સાચા અર્થમાં આમ આદમીની પંગતમાં જ બેસવાનું પસંદ કર્યું. આમ આદમીની પાયાની સમસ્યાઓ તેઓ સમજી શક્યા એથી ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં પ્રાથમિક શિક્ષક કે સરકાર હસ્તકનું માધ્યમિક શિક્ષણ ખાડે ગયું છે ત્યારે દિલ્હીમાં પ્રાથમિક-માધ્યમિક સરકારી શાળાઓ વર્લ્ડ કલાસ શિક્ષણ સંસ્થાઓની હરિફાઈ કરી રહી છે. મફત અને ગુણવત્તાવાળું શિક્ષણ તથા ઉત્તમ આરોગ્ય સેવાઓ આપી કેજરીવાલની 'આપ' - સરકારે એક અદ્‌ભુત મોડલ રજુ કર્યું છે જે મોદીના ગુજરાત મોડલ કરતાં કોઈ પણ માપદંડથી માપતાં ઘણું ઊંચી કક્ષાનું છે. આથી જે લોકપ્રિયતા હાંસલ થઈ એની સામે રાષ્ટ્રવાદ નારા કે ધર્મ-સંપ્રદાયના વહેરાવંચા વાંઝિયા નીવડ્યા છે. કેજરીવાલે આ વખતની ચૂંટણી ટાણે ભાજપના નેતાઓએ એમની વિરુદ્ધ ઓકેલા ઝેર છતાં સૌમ્ય વ્યવહાર દાખવ્યો હતો. પાકિસ્તાની પ્રધાને મોદીનો વિરોધ કરતું નિવેદન આપી કેજરીવાલની તરફેણનું વલણ અપનાવ્યું ત્યારે પણ એમને સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે મોદી મારા દેશના વડાપ્રધાન છે એટલે મારા પણ નેતા છે. એમને પાક નેતાએ પોતાને સમર્થન આપવાની જરૂર નથી - એવો ખુલાસો કર્યો એટલું જ નહીં, દિલ્હીની પ્રજા પર જ પોતાના કામની કદરનો ચુકાદો આપવાની જવાબદારી છોડી. પ્રશાંત કિશોરની ચૂંટણી વ્યૂહરચના પણ લેખે લાગી અને દિલ્હીની પ્રજાએ ફરી વાર એના પ્રિય જનનેતાને વધાવી લીધા ત્યારે રામલીલા મેદાનમાં શપથવિધિ પ્રસંગે શક્તિપ્રદર્શન કરતાં સવિશેષ દિલ્હીના ઘડવૈયા એવા શિક્ષકો, રિક્ષાવાળાઓ અને મેટ્રો પાઈલટ મહિલા જેવી વ્યક્તિઓને મહત્ત્વ આપી નવો જ ચીલો ચાતરી બતાવ્યો. દિલ્હીના શિક્ષકને મુખ્યમંત્રી દ્વારા મળતા મહત્ત્વ સામે ગુજરાતના શિક્ષકની સ્થિતિને સરખાવીએ તો આપોઆપ કેજરીવાલ કેમ આવી રાક્ષસી બહુમતી મેળવી શક્યા એનો જવાબ મળી જશે. નોંધપાત્ર બાબત એ પણ છે કે કેજરીવાલે દિલ્હીના ભાજપના નિશાન પર ચૂંટાયેલા સાતે સાંસદો અને વડાપ્રધાન મોદીને શપથવિધિનું નોંતરું પાઠવી એમને રાજકીય રીતે મહાત કરી દીધા. જો મોદી વારાણસીના ધાર્મિક કાર્યક્રમો પાછા ઠેલી દિલ્હીની પ્રજાલક્ષી સમારોહમાં સામેલ થયા હોત તો એથી મોદીની ઈમેજ મૂઠી ઊંચેરી અંકાઈ હોત. પરંતુ રાજકારણના સંકુચિત વાડાઓમાંથી ભાજપ બહાર ન નીકળી શક્યું એથી કેજરીવાલ વધુ એકવાર વ્યૂહાત્મક દૃષ્ટિએ લોકનજરમાં મૂઠી ઊંચેરા સાબિત થયા છે. વિપક્ષી એકતાનું નાટક કરવાં પણ તેઓ નથી પડ્યા, તે સૂચક છે. કેજરીવાલ દિલ્હીનું જ નહીં દેશનું ભવિષ્ય છે.

સૃષ્ટિના પરમ કલ્યાણ માટે કાર્યરત રહીએ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

મોબાઈલ એપ પર સંગીત સાંભળી રહેલી કૉલેજમાં ભણતી દીકરીએ ડેડીને કહ્યું 'આ વખતે આપણે શિવરાત્રીમાં સોમનાથ જવાના છીએ તો રસ્તામાં સાંભળવા શિવસ્તુતિ, શિવ ભજનો હું એકઠા કરું છું...' એમ કહીને રુદ્રાષ્ટકમ્ તો સંભળાવ્યું પણ ખરું... ગોસ્વામી તુલસીદાસનું સ્મરણ કરીને. પૂજય મોરારિ બાપુએ તારીખ ૦૯.૦૪.૨૦૧૬ થી ૨૩.૦૪.૨૦૧૬ દરમિયાન ઉજ્જૈનમાં કહેલી 'માનસ મહાકાલ' કથાની પુસ્તિકા આપી તો એક દિવસમાં એ વાંચી ગઈ અને એકવીસમી સદીના પ્રથમ દાયકામાં કુંભમેળામાં કથા શ્રવણ માટે ગયા હતા તેના સંસ્મરણો પણ યાદ કર્યા.

પૂજય બાપુએ 'માનસ મહાકાલ'માં કહ્યું હતું કે રૂદ્રાભિષેક તો કરવા જ જોઈએ એનો તો મહિમા છે જ પરંતુ બીજાના કલ્યાણ વિશે વિચારવું એ શિવ અભિષેક છે. અભિષેક તો આપણે કયારેક કયારેક કરીએ છીએ, પરંતુ કલ્યાણકારી ભાવ, વિશ્વનું મંગલ થાય સર્વે ભવન્તુ સુખીનઃ કલ્યાણમંત્ર છે. એ શિવ અભિષેક છે.

શિવરાત્રીનું પર્વ આવે એટલે શિવ મંદિરોમાં શિવ અભિષેક થાય, પૂજા-સેવા-રુદ્રીના પાઠ થાય, ભસ્મ આરતી થાય અને દેવાધિદેવ મહાદેવની જય બોલાય. આપણે ત્યાં ગામડા ગામમાં પણ શિવ મંદિર તો હોય જ, અને શિવ મંદિરોમાં પડદા વિધાન નથી. મહોદવ મંદિરોમાં ગમે ત્યારે જઈ શકાય.

જેનો કોઈ આકાર નથી અને જે કૈલાશના સ્વામી છે જે અતિ કૃપા કરે છે તો શિવ છે. શિવરાત્રી એટલે શિવની રાત્રી. ભક્તો આખી રાત જાગરણ કરે છે અને શિવ આરાધના કરે છે એટલે સિદ્ધિરાત્રી તરીકે પણ ઓળખાય છે. શરીર પર લગાડેલી સ્મશાનની રાખ ગળામાં સર્પ, કંઠમાં ધારણ કરેલું વિષ, કપાળ પર ત્રિપૂંડ અને ચંદ્રાઆકારનું તિલક, શિવમંદિરનો કાચબો, બળદ ને એના પગથિયા.... આ બધામાં કયાંક ને કયાંક સંકેત છે, માનવ જીવન માટે. શિવનું સમગ્ર ચરિત્ર આદર્શ ચરિત્ર છે અને તમામ શિવ આરાધકો - વિશેષ રુપે યુવાનો માટે તો એ હંમેશા પ્રેરક બની રહ્યું છે.

સ્વામી સચ્ચિદાનંદજીના પ્રવચનો આધારિત લઘુ પુસ્તિકા 'શિવ-તત્ત્વનિર્દેશ' માં શિવ સ્વરુપ વિશે આધ્યાત્મિક અર્થઘટનો પ્રસ્તુત થયા છે. તેઓ લખે છે કે 'પરમ કલ્યાણનું નામ શિવ છે, શિવ બહુ જ ઉદાર અને ભોળા છે. આપવા બેસે ત્યારે પાર વિનાનું આપે, તુરંત આપે, એટલે આશુતોષ કહેવાય છે. જ્ઞાન અને વૈરાગ્યની સંયુક્ત મૂર્તિ બનાવવાની હોય તો મહાદેવની જ બનાવાય.'

શિવ-તત્ત્વ વિશે જયારે જયારે વિચારીએ - વાંચીએ - સાંભળીએ કે દર્શન કરીએ ત્યારે ત્યારે નૂતન રુપે શિવ મહિમા સમજાય છે, અનુભવાય છે અને શિવકૃપાનો અનુભવ થાયય છે.

શિવના મસ્તક પર બીજનો ચંદ્ર છે જે સતત વધવાનો સંકેત આપે છે ને પૂર્ણિમા તરફ આગળ વધે છે... આપણા જીવનમાં પણ શિવ આરાધના સતત વધતી રહે, પરમ કલ્યાણનો ભાવ હૃદયમાં સતત પ્રગટતો રહે... શુભત્વ તરફ આપણી ગતિ થાય એ જ શિવ સંકલ્પ હોઈ શકે. શિવરાત્રીના પર્વે.

યોગ વિજ્ઞાનમાં ભગવાન શિવને રુદ્ર કહેવાય છે... શિવ સૃષ્ટિના કર્તા પણ છે. ઓમ નમઃ શિવાય મૂળ મંત્ર છે. જે મહામંત્ર મનાય છે. આ પંચાક્ષર મંત્ર પાંચ તત્ત્વોનું પ્રતિક છે. આ પંચાક્ષર મંત્રથી શરીરની પૂરી સિસ્ટમ જાગૃત કરી શકાય છે.

સત્ય જ શિવ છે ને શિવ જ સુંદર છે. ક્રિયાશક્તિ, ચિતશક્તિ અને ઈચ્છા શક્તિના રુપમાં એ જ ઈશ્વર છે. બધ્ધું જ શિવતત્ત્વથી જ નિર્મિત છે અને બધ્ધું જ શિવમાં સમાહિત છે.

શિવરાત્રીના પર્વ નિમિત્તે ઓમ નમઃ શિવાયના નાદને આત્મસાત્ કરીએ, સૃષ્ટિના પરમ કલ્યાણ માટે કાર્યરત રહીએ અને જ્ઞાન-વૈરાગ્યના દિવડા પ્રગટાવી અજવાળા ઝીલીએ.

ઘણીવાર દુનિયા વટાણાનો દાણો થઈ જાય છે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

જીવનમાં કર્તવ્ય નિભાવતાં-નિભાવતાં, જવાબદારી અદા કરતા કરતા કયારેય એવો વિચાર આવે કે શું આપણા આ કાર્ય સ્નેહીજન માટે, તેમના આનંદ માટે સંતોષ માટે પર્યાપ્ત રહેશે કે કેમ!

જયારે આપણે એમ સમજતા હોઈએ કે લોહીનું પાણી કરીને પણ આપણાં વ્યક્તિઓ માટે જે જવાબદારી અદા કરવાનું કાર્ય કર્યું છે, તે ખરેખર પ્રામાણિકતાથી, ઈમાનદારી પૂર્વક પાર પાડ્યું છે, જીવનના આ રંગમંચમાં સૂત્રધારનું કપરું કામ ભાગે આવ્યું છે. તે નિભાવવાનો આયાસ આપણે બખૂબી કરતા હોઈએ છીએ, પરંતુ તખ્તા પરના બીજા પાત્રોને જયારે આ પ્રયાસમાં કાંઈક ઊણપ વર્તાવા લાગે... ત્યારે સૂત્રધાર નોંધારો થઈ ભાંગી પડે છે.

ધન અને સ્નેહની બાબતમાં તદ્દન ઊલટી સ્થિતિ છે. ધનની બાબતમાં દેણદાર કરતાં લેણદારનું સ્થાન ઊંચુ હશે પણ સ્નેહની બાબતમાં લેનારા કરતા આપનારો ઊંચો છે...

કોઈ પણ માણસની જિંદગી ખરેખર તો એકલતાની યાત્રા છે. સંબંધ લોહીનો હોય કે લાગણીનો. પરંતુ જયારે ધાર્યો પ્રતિસાદ ન સાંપડે ત્યારે દિલમાંથી ન સંભળાય તેવી ટીસ ઊઠે છે.

વાસ્તવમાં દરેક સહૃદયી વ્યક્તિ પોતાની જવાબદારી, પ્રામાણિકતાથી બજાવતો જ હોય છે... પરંતુ વધુ અપેક્ષા અથવા કહો કે ખોટી અપેક્ષાઓ જ તેને અધમૂઓ બનાવી દે છે...

કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે...

શ્રી હરિન્દ્ર દવે આ મહાન પંક્તિઓ કહી ગયા તે શું આપણે જ આત્મસાત્ કરવી આવશ્યક છે.

આ સંસારમાં માણસ માણસ વચ્ચેનાં લાગણીનાં તમામ વહેવારોમાં કોઈ ન્યાય માંગતુ નથી... પ્રેમ જ માગે છે... ઘર એ કોઈ કોર્ટરુમ નથી કે જયાં સાબિતી અને પુરાવા રજૂ કરીને સ્નેહનો ન્યાય માંગતા ફરીએ...

ઘર એ તો મંદિર છે... તેમાં અપેક્ષા પ્રેમની જ રાખવામાં આવે છે, ન્યાયની નહીં.

શા માટે પિતા-પુત્ર વચ્ચે એક અદૃશ્ય રેખા હોય છે! મધ્યમવર્ગીય પિતા જયારે 'એક સાંધે ત્યાં તેર તૂટે' જેવી પરિસ્થિતિમાં પણ પુત્રની દરેક ઈચ્છા પૂરી કરતા હોવા છતાં... માત્ર બીજાનું જોઈને પોતાને મોંઘા બાઈક ન મળતા પિતા વિરુદ્ધ અદૃશ્ય અને પરોક્ષ રુપે પુત્ર મોરચો માંડે છે... એવી નજરોથી પિતા સામે જુએ છે કે પિતા સળગી ઊઠે છે... વિચાર કરે છે કે 'કયાં કમ પડ ગયા.'

તેવી જ રીતે દીકરો કે દીકરી જયારે મોટા થઈને ખૂબ જ ઈમાનદારી પૂર્વક જવાબદારી વહન કરવાના માર્ગે ચાલતા હોય છે, અને આ માર્ગમાં જો કોઈ નાની સરખી ભૂલ અથવા તો કહીએ કે ગેરસમજો નો સરવાળો થતો રહેવાથી ઊભી થતી મુશ્કેલી વખતે મોટેરાઓ જે મૌનરુપી અત્યાચાર કરતાં હોય છે, તેને હિંસામાં જ ખપાવવો જોઈએ...

'જનરેશન ગેપ' ના રૂપકડાં નામ હેઠળ ઘણી બધી વાતને લાવી દઈને ચૂપચાપ મનમાં શેરડા પાંડતાં આ વડીલોને રાતોરાત એમ શાને લાગવા માંડતું હશે કે - 'કોઈ કોઈનું નથી રે!'

એવું કહે છે કે સુખને માણવાનું હોય તો ભૂતકાળની વેદના સામે રાખીને વર્તમાનની ક્ષણો સાથે મૂલવવી પરંતુ થાય છે, તેનાથી ઊલટું... ભૂતકાળના દુઃખ વર્તમાનમાં સુખ લાગવા માંડે છે. સરખામણી કરતાં વર્તમાનમાં ફક્ત કાંટા જ વાગે ત્યારે સમજવું કે તમે હાથે કરીને કાંટાળો માર્ગ પસંગ કરીને હેરાન થઈ રહ્યા છો.

પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં પણ આ નોબત આવે ત્યારે... છેવટે એક મહાન શૂન્ય પેદા થાય છે. કદાચ આપણું હૃદથી પ્રત્યાર્પણ દોહ્યલુ થઈ જતું હશે... સંબંધોની કયારીમાં જયારે અવિશ્વાસના નિંદામણ વધવા માંડે પછી પ્રેમરુપી પાકને નુકશાન જ થતું હોય છે...

આ બધું પરસ્પર છે, સામ-સામે એકબીજાને જયાં એમ લાગે રાખે કે કર્યાની કોઈ કિંમત નથી ત્યાં હંમેશા નવી જ સમસ્યાઓ જ જન્મ લેતી હોય છે.

તો શું જે કાંઈ આપણે સ્નેહી માટે આત્મીય માટે કરીએ છીએ તે પૂરતું નથી હોતું... વાસ્તવમાં જે કાંઈ પણ કરી છૂટીએ તે આખરે પોતાની માટે જ હોય છે. આપણે કોઈ પર ઊપકાર નથી કરતા...

માણસના દુઃખને ઓગાળી નાખનારું રસાયણ 'પ્રેમ' છે, અને ઈશ્વરે આ શક્તિ માણસને જ આપી છે. જયારે સઘળું દઈ દીધા પછી પણ સામે તૃપ્તિનો અહેસાસ થાય ત્યારે ફાટી પડવા જેવી સ્થિતિ થઈ જાય છે...

શું આ સ્વાર્થીપણું છે, અજંપ છે, કે પછી કોઈ અદૃશ્ય ટીસ છે કે આવી લાગણી થઈ આવે છે કે 'કુછ ભી કરો સાલા કમ હી પડ જાતા હૈ...!'

કવિ સર્વેશ્વરદયાલ સકસેના અણદીઠી ટીસની વેદના કવિતામાં ઉતારે છે.

ઘણીવાર દુનિયા
વટાણાનો દાણો થઈ જાય છે,
એક હથેળી પર
આખીને આખી વસી જાય છે...
હું જ્યાં હોઉં છું ત્યાંથી ઊંઠી જાઉં છું.
ઘણીવાર રાત કીડીની જેમ ધીરે-ધીરે આવે છે.
ઘણીવાર એક સ્મિત
ઠંડી હવાની જેમ વહે છે...
પર્વતની જેમ ઊભી થઈ જાય છે.
ઘણીવાર એક ખામોશી
અને - હું જ્યાં હોઉં છું.
ત્યાંથી ચાલી નીકળું છું.
ઘણીવાર એક વ્યથા
યાત્રા બની જાય છે...

- jayuoza@gmail.com
Mo.9898046488

ડૉ. સૌમ્યાના સમર્પણભાવનું મળ્યું શાનદાર પરિણામ

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'સૌમ્યા એક એવા તબીબ છે કે, જેમના ટીબી અને એચ.આઈ.વી. ઉપરના સંશોધનોને સમસ્ત વિશ્વએ પોંખ્યા છે. લાગલગાટ ૩૦ વર્ષોથી તબીબી ક્ષેત્રે શોધ કાર્યમાં વ્યસ્ત એવા સૌમ્યાએ એમની અત્યંત પ્રભાવી કારકીર્દિમાં અનેક આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં સક્રીય યોગદાન આપ્યું છે.' વિશ્વની નંબર વન હેલ્થ ઓર્ગેનાઈઝેશન એટલે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન WHO એ સૌમ્યા એમ. સ્વામીનાથનની વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ડેપ્યુટી ડાયરેકટર જનરલ તરીકે નિયુક્તિ થઈ ત્યારે આવા શબ્દોથી તેમને નવાજ્યા હતાં. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનમાં આ પદે પહોંચનારા સૌમ્યા પ્રથમ ભારતીય મહિલા છે. આ સમાચારની જ્યારે ભારતમાં બધાને ખબર પડી ત્યારે સૌ કોઈનું માથું ગર્વથી ઊંચું થઈ ગયું.

ડૉ. સૌમ્યા સ્વામીનાથન ભારતના ચેન્નાઈ શહેરના છે. દેશની ગ્રીન રેવોલ્યુશનના ભીષ્મ પિતામહ તરીકે જાણીતા ડૉ. મીના સ્વામીનાથનની ડૉ. સૌમ્યા દીકરી છે. પિતા ડૉ. એમ. એસ. સ્વામીનાથનને તાજેતરમાં કૃષિ ક્ષેત્રે કરેલા વિશિષ્ટ યોગદાન માટે મુપ્પાવરપ્પુ વૈંકયા નાયડુ નેશનલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ડૉ. સૌમ્યાની માતા શિક્ષણ ક્ષેત્રમાં કામ કરે છે. સૌમ્યાના બે બહેનો છે. મધુરા સ્વામીનાથન ભારતી સાંખ્યિક સંસ્થા, કોલકતામાં પ્રોફેસર છે અને નિત્યા સ્વામીનાથન યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંગ્લિયામાં લૈંગિક વિશ્લેષણ અને વિકાસ વિષયના વ્યાખ્યાતા છે.

ડૉ. સ્વામીનાથનના ઘરમાં પહેલેથી જ વૈજ્ઞાનિકો અને પ્રબુદ્ધોની અવરજવર રહેતી. સંશોધન કાર્યો અને મહત્વના વિષયો ઉપર ચર્ચાઓ અને વાતો બાળપણથી જ તેમના કાને પડતી રહેતી. મજાની વાત તો એ છે કે, ડૉ. સૌમ્યાને બાળપણમાં વેટરનરી ડોકટર બનવાની ઈચ્છા હતી. પરંતુ એમની કોલેજમાં સહઅધ્યાયીઓ દ્વારા મેડિકલ પ્રવેશની પરીક્ષા અપાતી હતી ત્યારે તેમણે આર્મી મેડિકલ કોલેજ, પુનાની એક માત્ર કોલેજમાં એડમીશન માટે જ પરીક્ષા આપી હતી. એ મનોમન એમ વિચારતા હતાં કે, માત્ર એક જ કોલેજમાં પ્રવેશ પરીક્ષા આપી છે એટલે પસંદગીની સંભાવના ખૂબ ઓછી છે. એટલે એ ભવિષ્યમાં એમએસસી અને પીએચડીની દિશામાં આગળ વધી શકશે. પરંતુ એમને આ એક કોલેજમાં પ્રવેશ મળી ગયો. પછી તો તબીબી ક્ષેત્રે બાળરોગોના નિષ્ણાંત તરીકેની એમની કારકીર્દિ પૂરપાટ ઝડપે આગળ વધવા લાગી.

ડૉ. સૌમ્યાને ઈન્ડિયન અને વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિકનો ભારે શોખ છે. તેમની એકેડેમીશીયન માતા વેસ્ટર્ન ક્લાસિકલ પીયાનો ખૂબ સરસ વગાડે છે. ડૉ. સૌમ્યાએ કર્ણાટક સંગીતની તાલીમ લીધી છે. સંગીત ઉપરાંત તેમને ટ્રેકિંગનો શોખ છે. પહાડો, નદીઓ, જંગલો, પશુ-પક્ષી વગેરે કુદરતી સૌંદર્ય ડૉ. સૌમ્યાને પ્રિય છે. એમણે સિમલા, ભુતાન, અરુણાચલ પ્રદેશ, સિક્કીમ વગેરે સ્થળોએ ટ્રેકીંગ કર્યું છે. હવે WHOની હેડ ઓફિસ સ્વિટ્ઝરલેંડમાં ડૉ. સૌમ્યા બેસશે. સ્વિટ્ઝરલેંડમાં કુદરતે સૌદર્યનો મબલખ ખજાનો છુટે હાથે વેર્યો છે. ડૉ. સૌમ્યા એમની પ્રકૃતિને પોષે એવા દેશ સ્વિટ્ઝરલેંડમાં કુદરતી નઝારાને પણ ભરપુર માણી લેશે એમાં બેમત નથી.

ડૉ. સૌમ્યા સ્વામીનાથને એક ટીવી મુલાકાતમાં કહ્યું હતું કે, દુનિયાના દરેક દેશના લોકોને ક્વોલિટેટીવ હેલ્થ મળે એ દિશામાં નક્કર પલાં લેવાવા જોઈએ. આરોગ્ય કવચ જ્યાં સુધી મજબુત નહીં હોય ત્યાં સુધી આર્થિક સધ્ધરતાનું શમણું સાકાર ન થઇ શકે. ડૉ. સ્વામીનાથન દ્રઢપણે માને છે કે, જે જીવ પૃથ્વી પર આવ્યો છે એનું મૃત્યુ તો નિશ્ચિત છે જ. પરંતુ આરોગ્યની નિષ્કાળજીથી મૃત્યુ થાય એ ન ચલાવી લેવાય. પ્રત્યેક દેશમાં હેલ્થ કેર માટે દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ હોવી જોઈએ. હેલ્થ પ્રોગ્રામને સૌથી વધુ મહત્વ અપાવું જોઈએ. આયુષમાન ભારત પ્રોગ્રામ WHO ના સ્ટ્રેટેજીક હેલ્થ પ્રોગ્રામની પ્રાથમિકતાની ખૂબ નજીક છે. આગામી પાંચ વર્ષમાં વિશ્વના વધુ એક બિલિયન લોકોને સુરક્ષા કવચ મળે એ દિશામાં WHOએ લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.

ડૉ. સૌમ્યા સ્વામીનાથને દુનિયામાં ભારતનો ડંકો વગાડ્યો છે. સાર્વભૌમ સ્વાસ્થ્ય સુરક્ષા અને આરોગ્યલક્ષી સુખાકારી, મહામારી વખતે અસરગ્રસ્ત દેશની વહારે વધુ આર્થિક મદદ આપવી, જરૂરિયાતમંદ રાષ્ટ્રોને વહીવટી સહાય પુરી પાડવી, માનવ સંસાધન વગેરે ડબલ્યુ.એચ.ઓ.ના મુખ્ય કાર્યક્ષેત્ર છે. સૌમ્યા સ્વામીનાથન હવે સમસ્ત વિશ્વની આરોગ્ય સુરક્ષાની જવાબદારી વહન કરશે.

સૌમ્યા સ્વામીનાથનની કારકીર્દિ પહેલેથી જ તેજસ્વી રહી. એમણે સશસ્ત્ર સેનાની મેડિકલ કોલેજમાંથી એમબીબીએસ કરીને દિલ્હીની અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનમાંથી તબીબી ક્ષેત્રે અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત સૌમ્યાએ નેશનલ બોર્ડ ઓફ એગ્ઝામિનેશનનો ડિપ્લોમા પણ મેળવ્યો છે. લોસ એન્જેલસની કેકે સ્કૂલ ઓફ મેડિસીનમાંથી તેમણે બાળ ચિકિત્સા પલ્મોનોલોજીમાં પોસ્ટ ડોક્ટોરલ મેડિકલ ફેલોશીપ મેળવી છે. ચેન્નાઈ સ્થિત રાષ્ટ્રીય ક્ષય રોગ અનુસંધાન સંસ્થાનના નિયામક તરીકે તેમણે સરાહનીય સેવા પ્રદાન કરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને વિશ્વ સલાહકાર એજન્સીઓ તથા સમિતિઓમાં તેમણે ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે.

ટીબી અને એચઆઈવી રોગના વિવિધ પાસાઓનો ગહન અભ્યાસ કરતી પ્રયોગશાળાઓ અને વૈજ્ઞાનિકોના સમૂહને કેળવવાની દિશામાં સૌમ્યા સ્વામીનાથને અદભુત કામ કર્યું છે. રમાં ડેપ્યુટી ડાયરેકટર જનરલના પદ ઉપર નિયુક્તિ સમયે તે ટીબી ઝીરો પ્રોજેક્ટ સાથે સંકળાયેલા હતા. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૧ સુધી એમણે જીનિવામાં યુનિસેફ, યુએનડીપી, વિશ્વ બેન્ક અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના દુનિયાના ગરમ દેશોમાં થતાં રોગોના સંદર્ભમાં ઉલ્લેખનીય કામ કર્યું છે. બાળ ચિકિત્સા ક્ષેત્રે ડૉ. સૌમ્યા સ્વામીનાથને વર્ષ ૧૯૧૯માં પ્રસ્તુત કરેલા સ્ટડી પેપર માટે તેમને ડો. લહીરી સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૬માં સૌમ્યાને એક્સ્ટ્રાજેનેકા રિસર્ચ બંદોબસ્ત પુરસ્કાર નાઈપરથ